# સર્વશક્તિમાન ઈશ્વર વિષે બાઈબલ પદ્ધતિથી તમારા બાળકોને શીખવો.


**પ્રાર્થના :** વહાલા પ્રભુ, યહોશુઆની જેમ બાળકો તમારું માને તે માટે શીખવા અમારી મદદ કરો. વર્તમાન જરૂરિયાતો અને સ્થાનિક રિવાજો પ્રમાણેની પ્રવૃતિ પસંદ કરો.

**૧. બાળકોને શીખવવા માટે તમારા હૃદયોને પ્રાર્થના તથા ઈશ્વરના વચનથી તૈયાર કરો.**

**પશ્ચાદભૂમિકા :** ઈશ્વરે પોતાના લોકોને મિસરની ગુલામીમાંથી છોડાવ્યા પંરતુ તેઓ વચનના દેશમાં પ્રવેશ નહિ કરીને અનાજ્ઞાંકિત થાયા. ત્યાં વસનારા દુષ્ટ મૂર્તિપૂજકોની તેમને બીક લાગતી હતી તેમના અવિશ્વાસને કારણે પવિત્રએ તેમને અરણ્યમાં ૪૦ વર્ષો સુધી રઝળપાટ કરાવી. પાછળથી જ્યાં તેમણે યરદન નદી પાર કરી તે તો એક મહાન ઐતિહાસિક ઘટના બની ગઈ કારણ કે છેવટે પ્રભુના લોકોએ વચનના દેશમાં પ્રવેશ કરવાની હિંમત તથા વિશ્વાસ પ્રાપ્ત કરી લીધા હતા.

**યહોશુઆ ૩ :૧૪-૪:૯માંથી શોધો.**

- ઈશ્વરે શા માટે પોતાના લોકોને યરદન નદીને કાંઠે પથ્થરોનો ઢગલો કરવા કહ્યું ?
  (ઉત્તર : યહોશુઆ ૪ :૬-૭. પાસ્ખાપર્વની જેમજ પથ્થરોનો આ ઢગલો પણ આવનાર પેઢીને ઈશ્વરે તેમને માટે કરેલા મહાન કાર્યોને યાદ કરાવવામાં મદદરૂપ થાય.
- ઈસ્ત્રાએલપુત્રોમાંથી યરદન નદીમાં પહેલો પગ કોણે મૂક્યો ? તે શા માટે મહત્વનું છે? (ઉત્તર યહોશુઆ ૩ :૧૪, કરારકોષ ઉંચકનારા યાજકો આગળ ચાલ્યા. આમ કરવા દ્વારા તેમણે બતાવ્યું કે ઈશ્વરની હાજરી આપણી આગળ જાય છે આજે પણ ઈસુ આપણા માર્ગમાં આગળ ચાલે છે અને વચનનો દેશ જે સ્વર્ગ છે તેમાં પહોંચવવાના અવરોધો દુર કરે છે )
- કોષ ઊંચકનારા યાજકોએ યરદન નદીમાં પગ મૂક્યો ત્યારે શું થયું ?(યહોશુઆ ૩ :૧૫)
- બાર આગેવાનોએ નદીની મધ્યમાંથી શું ઉઠાવ્યું ? (યહોશુઆ ૪ :૩)
- નદીમાંથી લાવેલા આ પથ્થરો તેમણે ક્યાં મૂક્યાં ? (યહોશુઆ ૪ :૮)



**બાળકોને વિશ્વાસનું માર્ગદર્શન તથા શિષ્યપણું શીખવો.**

- બાળકોનાં પિતા મોટાભાગે ઘરમાં બાળકોને તાલિમ આપે (એ.ફે. ૬ :૪)
- દરરોજ બાળકો સાથે બેસીને પ્રાર્થના તથા બાઈબલ અધ્યયન કરો. (પુન. ૬ અને ૭, અધ્યાય)
- બાળકોને પેઢી દરપેઢી ઈશ્વરનું વચન આપો. (ગીત. ૭૮ :૩-૭)
- બાળકોને ઈશ્વરના વચનનું સીધું શિક્ષણ આપો. (પુન. ૩૧ : ૧૨) તેમને બાઈબલ વાર્તાઓ કહો.
- હવે, તદ્દન નાના બાળકો હાવભાવ કરે. તેમને નૂહ વિષે કહો તેઓને પ્રાણીઓની નકલ કરવા દો.
- નાનાં બાળકો થોડો જ સમય ધ્યાન આપશે માટે તેમની આગળ લાંબી વાર્તા કહેશો નહિ.

- મોટાં બાળકો નાનાં બાળકોને શીખવે. એક જ ઉંમરના બાળકોનું જૂથ બનાવવાનું ટાળો.
- મોટા બાળકો વસ્તુઓ બનાવે અને બાઈબલ વાર્તા નાટક ભજવે અને રમતો રમાડે.
- ગંભીર બાબતો અંગે થતી પ્રાર્થનામાં બાળકોને જોડાવા દો. (એઝરા ૧૦ :૧,૨; ૨૦ :૧૨-૧૩)
- ગંભીર ભજનસેવામાં બાળકોને સ્તુતિમાં ભાગ લેવા દો. ગીત. ૧૪૮ :૧૩-૧૩, માથ્થી ૨૧ :૧૫-૧૬.
- ઈસુના શિક્ષણ વિષે સાંભળવામાં બાળકોને જોડાવા દો. માત્થી ૧૪ :૨૧
- જ્યારે બાળકો ભૂલ કરે ત્યારે તમને ગુસ્સાથી નહિ પણ પ્રેમથી સમજાવો. નીતિ ૨૩ :૧૩, હિબ્રુ ૧૨ :૬-૧૧.
- બાળકોને ચીડવો નહિ. માબાપનો કે બાળકોનો તુચ્છકાર શાપ લાવે છે. એફેસી ૬ :૧-૪ ગલાતી ૪ :૬.
- નિર્દોષ બાળકો અપરાધમાં પડે તેવું ટાળો (માત્થી ૧૮ :૧-૬)
- ઈસુના પ્રેમ તથા ક્ષમાની બાળકોને ખાત્રી કરવો (માર્ક ૧૦ :૧૩-૧૬)
- રખેવાળ વડીલ તરીકે સેવા કરો અને બાળકોને સુધારવા માટે તેમને ઠપકો પણ આપો. ૧ તીમોથી ૩ :૪-૫

**૨. સહકર્મીઓ સાથે અઠવાડિયાની પ્રવૃત્તિઓનું આયોજન કરો.**

- બાળકોને ઘરમાં કેવી રીતે ઉછેરવા તે દર્શાવવા મુલાકાતો લો.
- ભાગ-૧ માં દર્શાવેલી માર્ગદર્શિકા પ્રમાણે શિક્ષકોને બાળકોને શીખવવા કહો.
- અખ્રિસ્તી પરિવારોને પણ આમંત્રણ આપો જેથી તેમના બાળકો પ્રવૃત્તિમાં ભાગ લે અને માણે.

**૩. આગામી ભજનસેવા માટે સહકર્મીઓ સાથે આયોજન કરો.**

**સમજાવો** યરદન નદીના કાંઠે ઈશ્વરે શા માટે પથ્થરોનો ઢગલો કરવાની આજ્ઞા આપી. (ભાગ-૧ જૂઓ)

**ભજવો** યરદન નદી પાર કરવાનું નાટક ભજવો બાળકોને મદદ કરવા કહો.

- મોટેરાં ઉદ્‌ઘોષક, યહોશુઆ અને ૧૨ પથ્થર ઊંચકનારાનો પાઠ ભજવે.
- નાટક ભજવતાં પહેલાં ૧૨ મોટાં પથ્થરો તૈયાર રાખો.
- બાળકો નાટકમાં નાનાં બાળકો અને યાજકોનો પાઠ ભજવે (એક મોટું ખોખું ઊંચકીને ચાલવાનો અભિનય કરો.

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો પ્રથમ ભાગ કહે (યહોશુઆ ૩ :૧૪-૧૫)
''વચનના દેશમાં પ્રવેશવા માટે તૈયાર ઈસ્રાએલી લોકોને યહોશુઆ શું કહે છે તે સાંભળો.

**યહોશુઆ** : આપણે યરદનને પેલે પાર જઈશું. તેમાં પૂર આવે છે પણ આપણો પ્રભુ આપણને સૂકી ભૂમિ પર થઈને લઈ જશે તે શું જુઓ યાજકો ઈશ્વરના કોષને ઊંચકી લો અને પાણીમાં પગ મૂકે.

**ચાર યાજકો** : માથા પર કશું ઊંચકયું હોય તેવા ભાવ આપે. યાજકો આગળ વધે.
ઉપરવાસમાં જુઓ - પાણી તો બધું ત્યાં જ જમા થાય છે નદીની બીજી તરફ આગળ વધો.

**બાળકો** : (સંખ્યા ગમે તે હોય) નદીની પાર યાજકોની પાછળ ચાલો
''અરે, આ ભૂમિ તો સૂકી છે. આપણે તો કોરી ભૂમિ પર ચાલીએ છીએ.''

**પથ્થર ઊંચકનારા તથા યહોશુઆ :** બાળકોની પાછળ ચાલે પણ હજી સુધી પથ્થરોને અડકે નહિ.

**પથ્થર ઊંચકતા કહે** : પ્રભુએ નદીને પાછી પાડી છે આ તો મોટો ચમત્કરા છે ! પ્રભુ આપણી મદદ કરે છે !

**ઉદ્‌ઘોષક** : યહોશુઆ ૪ : ૧-૭ વાર્તાનો બીજો ભાગ કહો.
હવે યહોશુઆ બારે કૂળના આગેવાનોને શું કહે છે તે સાંભળો.

**યહોશુઆ** : હવે બધા આ બાજુ આવી ગયા છો તો તમારામાંથી ૧૨ મજબુત માણસો આગળ આવે. તેઓ નદીમાંથી ૧૨ પથ્થરો ઊંચકી લાવે આજે ઈશ્વરે જે કાંઈ આપણે માટે કર્યું તે તેની યાદ આ પથ્થરો તેમને અપાવશો.

**પથ્થર ઉંચકાનાર :** પથ્થરો લઈ આવે. બહુ ભાર લાગતો હોય તેવો અભિનય કરે યાજકોની વાણી પથ્થરોના ઢગલો કરે. બાળકો પથ્થરોના આ ખાખાનો અર્થ શો છે.

**યહોશુઆ** **:** ઈશ્વરે આજે આપણે માટે જે કર્યું છે તેની યાદગીરી માટે આ છે.

**ઉદ્‌ઘોષક** **:** નાટક પૂરું થયાની જાહેરાત કરે અને બધાનો આભાર માને.

ઈશ્વરને યાદ કરવાની અન્ય રીતોની ચર્ચા કરો. વિશ્વાસીઓ ઉદાહરણ આપે.

**બાળકોએ** જે તૈયાર કર્યું હોય તે રજુ કરે.

**વડીલો** બાળકોને ઘરમાં શિક્ષણ આપવાથી મળતા આશિષો વિષે સાક્ષી આપે.

પ્રભુ ભોજન માટે લૂક ૧૧ :૧૦-૧૩ વાંચો સમજાવો કે પ્રભુ ભોજન એ તો પ્રભુને આપણને આપેલી ઘણી ભેટોમાંથી એક છે.

એફેસી ૬ : ૪ મુખપાઠ કરો.

બબ્બે ત્રણ ત્રણના જૂથ બનાવો. તેઓ પ્રાર્થના કરે અને ઘરે શીખવાના કામોનું આયોજન કરે અને એકબીજાને પ્રોત્સાહન આપે.